પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૩) અંક નં. ૨૭૭ | ૧૮ ડિસેમ્બર, ૨૦૧૮, મંગળવાર; માગશર સુદ - ૧૦ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## ન્યુઝ ટ્રેક

**પાક. જેલમાં બંધ ભારતીય નાગરીક આઝાદ**

પાકિસ્તાનની જેલમાં બંધ ભારતીય નાગરીક હામીદ અંસારીને છોડી મુકાયો છે. પાકિસ્તાનની જાસૂસી સંસ્થાએ ૨૦૧૨માં તેને પકડ્યો હતો. ત્યારબાદ તેને ત્રણ વર્ષની સજા ફટકારવામાં આવી હતી.

**માલદીવને આર્થિક સહાય**

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને માલદીવના રાષ્ટ્રપતિ ઈબ્રાહીમ મોહમ્મદ સાબેહ વચ્ચે વાર્તાલાપ યોજાયો હતો. આ મુલાકાત બાદ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ માલદીવને ૧.૪ અબજ ડોલરની આર્થિક સહાય આપવાનુ એલાન કર્યું છે.

**મુંબઈની ઈએસઆઈસી હોસ્પિટલમાં આગ**

મુંબઈના અંધેરી વિસ્તારમાં સ્થિત ઈએસઆઈસી હોસ્પિટલમાં આગ લાગી હતી. આ દુર્ઘટનામાં બે ના મૃત્યુ નિપજ્યા છે. જ્યારે ૨૮ લોકો ઘાયલ થયા છે.

**ફિલિપાઈન્સની સુંદરી 'મીસ યુનિવર્સ'**

ફિલિપાઈન્સની સુંદરી કેટરિઓના એલિસા ગ્રે ના સીરે મીસ યુનિવર્સનો તાજ મુકાયો છે. જ્યારે દક્ષિણ આફ્રિકા અને વેનેઝુએલાની સુંદરી રનર્સ અપ રહી હતી.


# ઉત્તર ભારતમાં કાતિલ ઠંડી

## જમ્મુ કાશ્મીર અને હિમાચલ પ્રદેશમાં અનેક વિસ્તારોમાં તાપમાન માઇનસમાં : લેહમાં માઇનસ ૧૬.૧ તાપમાન

નવી દિલ્હી,તા. ૧૭

ઉત્તર ભારતમાં કાતિલ ઠંડીનુ મોજુ ફરી વળ્યુ છે. ઠંડીથી હાલમાં કોઈ રાહત મળે તેવી શક્યતા ઓછી છે. પંજાબ, હરિયાણા, રાજસ્થાન, ઉત્તરપ્રદેશ અને દિલ્હીમાં જનજીવન પર અસર થઈ છે. ધુમ્મસના કારણે વધારે ઠંડીનો અનુભવ લોકો કરી રહ્યા છે. બીજી બાજુ જમ્મુ કાશ્મીર અને હિમાચલપ્રદેશમાં મોટા ભાગના વિસ્તારોમાં માઈનસમાં તાપમાન છે. લેહમાં માઈનસ ૧૬.૧ ડિગ્રી તાપમાન રહ્યા છે. જ્યારે કારગીલમાં માનિસ ૧૧.૪ ડિગ્રી તાપમાન રહ્યુ છે. હાલની સ્થિતી આગામી ચારથી પાંચ દિવસ સુધી જારી રહે તેવી શક્યતા છે. જેથી લોકોને કોઈ રાહત મળવાની શક્યતા નથી. શ્રીનગરમાં માઈનસ ૪.૮ ડિગ્રી તાપમાન રહ્યુ હતુ. પહેલગામ અને ગુલમર્ગમાં પારો માઈનસ ૮.૩ ડિગ્રી રહ્યુ હતુ. હિલ્ સ્ટેશન ગણાતા શિમલા, મનાલી અને નારકન્ડામાં નવેસરથી હિમ વર્ષા થઈ છે. જેના કારણે તાપમાનમાં ઉલ્લેખનીય ઘટાડો થયો છે. હિમવર્ષાના કારણે હિલ સ્ટેશન ખાતે બરફની ચાદર ચારેબાજુ છવાઈ ગઈ છે. પંજાબના ભટિન્ડા ખાતે પારો ૩.૫ ડિગ્રી રહ્યુ છે. અમૃતસરમાં ચાર ડિગ્રી તાપમાન રહ્યુ છે. ગુરુદાસ પુરમાં ૫.૬ ડિગ્રી સુધી તાપમાન થયુ છે. ધુમ્મસની સ્થિતી વચ્ચે વધારે ઠંડીનો અનુભવ લોકો કરી રહ્યા છે. ધુમ્મસની સ્થિતીના કારણે વિમાની અને ટ્રેન સેવાને અસર થઈ હતી. દિલ્હી વિમાનીમથકે વિજિબિલિટી ઘટી જવાના કારણે એક સ્થાનિક ફલાઈટનો અસર થઈ છે. ધુમ્મસની સ્થિતી હાલમાં અકબંધ રહે તેવી શક્યતા છે. સમગ્ર ઉત્તર ભારતમાં કાતિલ ઠંડીનુ મોજુ ફરી વળ્યુ છે. ઠંડીના કારણે લોકો મુશ્કેલીમાં મુકાયા છે. બીજી બાજુ ધુમ્મસના પરિણામસ્વરૂપે ૫૨ ટ્રેનો લેટ થઈ છે. અનેક ટ્રેનોના કાર્યક્રમમાં ફેરફાર કરવાની ફરજ પડી છે.

દિલ્હીમાં ઈન્દિરા ગાંધી આંતરરાષ્ટ્રીય વિમાની મથકે સવારે ધુમ્મસની સ્થિતિ રહી હતી. ઉત્તર ભારતના વિવિધ ભાગોમાં ધુમ્મસના કારણે વાહન વ્યવહારને પણ માઠી અસર થઈ છે.સમગ્ર ઉત્તર ભારતમાં છેલ્લા એક સપ્તાહથી પણ વધુના સમયથી ધુમ્મસની ચાદર છવાયેલી જોવા મળી છે જેનો લઈને દિલ્હી, એનસીઆર, નોઈડા સહિત છેક ઉત્તર પ્રદેશ સુધી પણ તેની અસર જોવા મળી રહી છે.



**ક્યા-કેટલું તાપમાન**

| સ્થળ | તાપમાન |
|---|---|
| શ્રીનગર | માઈનસ ૪.૬ |
| લેહ | માઈનસ ૧૬.૧ |
| કારગીલ | માઈનસ ૧૧.૪ |
| પહેલગામ | માઈનસ ૮.૩ |
| ગુલમર્ગ | માઈનસ ૮.૩ |
| જમ્મુ શહેર | ૪.૪ |
| કટરા | ૬.૪ |
| અમૃતસર | ૪ |
| ભટિન્ડા | ૩.૫ |
| પઠાણકોટ | ૩.૮ |
| ગુરદાસપુર | ૫.૬ |
| દિલ્હી | ૭.૬ |
| બટોટે | ૧.૫ |

# શીખ રમખાણ કેસમાં કોંગી નેતા સજ્જન કુમારને જન્મટીપ



## નીચલી અદાલતના ચુકાદાને પલટી સજ્જનકુમાર તોફાનો ભડકાવવા અને કાવતરા રચવાના મામલે દોષિત જાહેર

નવી દિલ્હી, તા. ૧૭

૧૯૮૪ના શીખ વિરોધી રમખાણો મામલે દિલ્હી હાઈકોર્ટે આજે મોટો ચુકાદો આપ્યો છે. કોર્ટે નીચલી કોર્ટના ચુકાદાને પલટી નાખતા કોંગ્રેસના નેતા સજ્જન કુમારને તોફાનો ભડકાવવા અને કાવતરા રચવાના મામલે દોષિત જાહેર કર્યા છે. જો કે કોર્ટે તેમને હત્યાના આરોપમાંથી નિર્દોષ છોડ્યા છે. અત્રે જણાવવાનું કે આ ચુકાદો એવા સમયે આવ્યો છે કે જ્યારે કોંગ્રેસ ત્રણ રાજ્યોમાં સરકાર બનાવવા જઈ રહી છે. ન્યાયમૂર્તિ એસ મુરલીધર અને ન્યાયમૂર્તિ વિનોદ ગોયલની પેનલે ૨૯ ઓક્ટોબરના રોજ સીબીઆઈ, રમખાણો પીડિતો અને દોષિતો દ્વારા દાખલ કરાયેલી અરજીઓ પર સુનાવણી હાથ ધર્યા બાદ ચુકાદો અનામત રાખ્યો હતો. સજ્જનકુમારે ૩૧ ડિસેમ્બર ૨૦૧૮ સુધીમાં સરન્ડર કરવાનું છે. દિલ્હી હાઈકોર્ટે ચુકાદો વાંચતા કહ્યું કે ૧૯૪૭ના ભાગલા વખતે પણ અનેક લોકોની હત્યા કરવામાં આવી હતી. ૩૭ વર્ષ બાદ દિલ્હીમાં આવી જ ઘટના ઘટી. આરોપી રાજકીય સંરક્ષણનો ફાયદો ઉઠાવીને સુનાવણીમાંથી બચી નીકળ્યાં. શિરોમણી અકાલી દળના નેતા મનજિંદ સિંહ સિરસાએ કહ્યું કે આ ચુકાદા બાદ અમે હાઈકોર્ટનો આભાર વ્યક્ત કરીએ છીએ. સજ્જનકુમાર અને જગદીશ ટાઈટલરને ફાંસીના ફંદા સુધી પહોંચાડવામાં અને ગાંધી પરિવારના લોકોને કોર્ટ જેલ પહોંચાડવા સુધી અમારો સંઘર્ષ

● અનુસંધાન પાના ૭ પર

# અખિલેશ-માયાવતી શપથ કાર્યક્રમથી આખરે દૂર રહ્યા

## મધ્યપ્રદેશ, રાજસ્થાન અને છત્તીસગઢમાં મુખ્યપ્રધાનના શપથગ્રહણ કાર્યક્રમમાં અખિલેશ-માયા ઉપસ્થિત ન રહ્યા

નવી દિલ્હી, તા. ૧૭

હિન્દુ પટ્ટાના ત્રણ રાજ્યોમાં વિધાનસભા ચૂંટણીના પરિણામોની જાહેરાત કર્યા બાદ સમાજવાદી પાર્ટી અને બહુજન સમાજ પાર્ટીએ કોંગ્રેસને સમર્થન આપવાની જાહેરાત કરી હતી. ત્યારબાદ વિપ્કક્ષી એકતા ફરીએકવાર મજબૂત થવાની દિશામાં આગળ વધી રહી છે પરંતુ સોમવાર ફરીએકવાર વિપક્ષમાં ચિંતા જોવા મળી હતી. મધ્યપ્રદેશ, રાજસ્થાન અને છત્તીસગઢમાં કોંગ્રેસના મુખ્યમંત્રીના સમારોહમાં અખિલેશ અને માયાવતી નારાજ દેખાયા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે, મધ્યપ્રદેશ અને રાજસ્થાનમાં બહુમતિની નજીક પહોંચીને અટકી ગયેલી કોંગ્રેસને સમાજવાદી પાર્ટી અને બહુજન સમાજ પાર્ટીનું સમર્થન મળ્યું છે. આજે આ ત્રણેય રાજ્યોમાં મુખ્યમંત્રીઓના શપથ સમારોહના આયોજન કરવામાં આવ્યું હતું. મધ્યપ્રદેશમાં કમલનાથ, રાજસ્થાનમાં અશોક ગેહલોત અને છત્તીસગઢમાં ભુપેશ બઘેલે મુખ્યમંત્રી તરીકે શપથ લીધા હતા. મિડિયા એહવાલોના અનુસાર કોંગ્રેસે આ ત્રણેય રાજ્યોમાં શપથવિધિ કાર્યક્રમમાં સામેલ થવા શરદ પવાર, શરદ યાદવ, એમકે સ્ટાલિન, તેજસ્વી યાદવ, અખિલેશ યાદવ, માયાવતી, મમતા બેનર્જી અને અન્ય વિપક્ષી નેતાઓને આમંત્રણ આપ્યું હતું. બહુજન સમાજ પાર્ટી સુપ્રીમો માયાવતી અને સમાજવાદી પાર્ટી સુપ્રીમો અખિલેશ યાદવ સમારોહમાં ઉપસ્થિત રહ્યા ન હતા.





રાજકીય સમારોહમાં પરિવાર મિલન : રાજસ્થાનના શપથ વિધિ સમારોહમાં લેવાયેલી અનોખી તસવીર યાદગાર બની રહેશે. રાજસ્થાનના પૂર્વ મુખ્યમંત્રી વસુંધરા રાજેએ કોંગ્રેસના યુવા સાંસદ જ્યોતિરાદિત્ય સિંધિયાને વ્હાલપૂર્વક શુભેચ્છાઓ આપી ત્યારે કેમેરામાં કેદ થયેલી તસવીર.

# શપથ લેતાની સાથે કમલનાથ દ્વારા ખેડૂતોના દેવાની માફી

ભોપાલ, તા. ૧૭

મધ્યપ્રદેશમાં કોંગ્રેસ સરકારે ખેડૂતોના દેવા માફીના નિર્ણય પર સહીસિક્કા કર્યા હતા. મુખ્યમંત્રી કમલનાથે શપથ લીધા બાદ તરત જ દેવા માફીના નિર્ણય પર સહીસિક્કા કર્યા હતા. કોંગ્રેસ આ ચૂંટણીમાં વચન આપ્યું હતું કે, જો કોંગ્રેસ સત્તા પર આવશે તો ખેડૂતોનું દેવું માફ કરાશે.

કોંગ્રેસે ચૂંટણી ઢંઢેરામાં આ મુદ્દાને મુખ્ય પ્રાથમિકતા આપી હતી. મધ્યપ્રદેશમાં આ નિર્ણય બાદ ખેડૂતોનું બે લાખ સુધીનું દેવું માફ કરવામાં આવશે. આ નિર્ણય અતર્ગત ૩૧મી માર્ચ ૨૦૧૮ સુધી દેવું માફ કરવામાં આવશે. નિર્ણય અનુસાર રાષ્ટ્રીય અને સહકારી બેંકો દ્વારા લેવાયેલું તમામ દેવું માફ કરવામાં આવશે. આ સાથે કમલનાથે કહ્યું હતું કે, કોંગ્રેસ સરકાર ખેડૂતોના મુદ્દાઓને પ્રથમ પ્રાથમિકતા આપશે.

# ખેડુતોને કલ્યાણ યોજનાઓના લાભને પહોંચાડવા તખ્તો તૈયાર

રાયબરેલી, તા. ૧૭

દેશમાં ખેડુત સમુદાયની વધતી નારાજગી અને હાલમાં યોજાયેલી પાંચ રાજ્યોમાં વિધાનસભાની ચૂંટણીમાં કારમી હાર થયા બાદ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં એનડીએ સરકારે હવે ખેડુતો પર ખાસ ધ્યાન કેન્દ્રિત કરવા માટે તમામ તૈયારી કરી લીધી છે. ખેડુતોને વધુને વધુ રાહત અને લાભ આપવા માટેની રણનિતી પર કામ શરૂ કરવામાં આવ્યુ છે. કૃષિ મંત્રાલયમાં યોજનાઓને લઈને વાતચીતનો દોર શરૂ થઈ ચુક્યો છે. આગામી દિવસોમાં કેટલીક નવી ખેડુતલક્ષી મોટી જાહેરાતો પણ કરવામાં આવી શકે છે. હાલમાં પાંચ રાજ્યોમાં યોજાયેલી વિધાનસભાની ચૂંટણીમાં ભાજપની હાર માટે ખેડુતોની નારાજગીને કારણરૂપ ગણવામાં આવે છે. આવી સ્થિતીમાં મોદી સરકારે કમર કસી લીધી છે. કેન્દ્રિય કૃષિ મંત્રાલય હાલમાં સૌથી વધારે સક્રિય છે. કૃષિ પ્રધાન રાધામોહનસિંહ અને કૃષિ રાજ્ય પ્રધાન ગજેન્દ્ર સિંહ શેખાવતે એક ઉચ્ચ સ્તરીય બેઠક પણ કરી લીધી છે. બેઠકમાં સંબંધિત તમામ અધિકારીઓને આદેશ કરવામાં આવ્યો છે.











